# ૯. સુભાષિતો

**સૂર કૃતિનો**

સંસ્કૃત સાહિત્યના કાવ્ય, નાટક, પુરાણ વગેરેમાં નિર્દેશિત અર્થસભર શ્રેષ્ઠ વાક્યો જે પદબદ્ધ હોય તેને સુભાષિત કહેવાય. તે નીતિપૂર્ણ હોય છે. જીવનના વિવિધ ક્ષેત્રની સમજદારી આપતા સુભાષિતો ખરેખર અમૂલ્ય છે. કારણ કે તે આપણને અર્થસભર જીવન જીવવાની પ્રેરણા આપે છે.

સુભાષિતો આપણને જ્ઞાન આપે છે, આપણું ચારિત્ર્ય ઘડે છે અને સંસ્કારોનું સિંચન કરે છે. તો અહીં આપણે કેટલાંક સુભાષિતો શીખીશું.

☞ જલાવી જાતને ધૂપ, સુવાસિત બધું કરે,
ઘસીને જાતને સંતો, અન્યને સુખિયાં કરે.

☞ બળની વાતો બહુ કરે, કરે બુદ્ધિના ખેલ;
આપદ્‌કાળે જાણીએ, તલમાં કેટલું તેલ.

☞ બોલો બોલ વિચારીને, પસ્તાવો નવ થાય;
બોલેલું ખેંચાય ના, કરતા કોટિ ઉપાય.

☞ મોતી ભાંગ્યું વીંધતાં, મન ભાંગ્યું કવેણ;
ઘોડો ભાંગ્યો ખેડતાં, નહિ સાંધો નહિ રેણ.

☞ વાપરતાં આ વિશ્વમાં, સહુ ધન ખૂટી જાય;
વિદ્યા વાપરતા વધે, એ અચરજ કહેવાય.

☞ પીંપળ પાન ખરંતા, હસતી કુંપળિયા.
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં.

**અધ્યાપન સંકેત**

અહીં દરેક સુભાષિતના અધ્યાપન માટે શક્ય હોય ત્યાં વાર્તા કહેવાનો આગ્રહ રાખવો. શક્ય ન હોય ત્યાં ઉદાહરણો આપવા. શ્રેષ્ઠ જીવન જીવવા માટે અહીં આપેલા સુભાષિતોના મર્મ સમજીને જીવનમાં ઉતારવાની પ્રેરણા આપવી. દરેક સુભાષિતો ગેય છે તેથી સમૂહમાં ગવડાવી તે કંઠસ્થ કરાવવાનો આગ્રહ રાખવો. જેથી તે પોતાના મૌલિક લેખનમાં યોગ્ય હોય ત્યાં લખીને લેખનને આકર્ષક બનાવી શકે તેવી સમજ આપવી. થોડામાં ઘણુંબધું કહી દેવાની ક્ષમતા સુભાષિતો ધરાવે છે માટે તેનું સ્પષ્ટીકરણ દૃષ્ટાંત સાથે કરવું. દરેકના વિચાર વિસ્તાર કેવી રીતે થાય તેનું યોગ્ય માર્ગદર્શન આપવું.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે સુભાષિતોમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) અગરબત્તી (૨) સુગંધિત (૩) મતિ (૪) પ્રાયશ્ચિત

(૫) કરોડ (૬) અશ્વ (૭) નવાઈ (૮) પાંદડાં

**સ. ૨. ઉલટા અર્થ દર્શાવતા શબ્દોને યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) સુખિયા | (અ) વધે |
| (૨) સદ્‌બુદ્ધિ | (આ) રડતી |
| (૩) વેણ | (ઇ) દુ:ખિયા |
| (૪) ખૂટે | (ઈ) કુબુદ્ધિ |
| (૫) હસતી | (ઉ) કવેણ |

**સ. ૩. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :**

(૧) થયેલી ભૂલ માટે પાછળથી થતો ખેદ – (૨) નવું ફૂટતું પાંદડું –

(૩) મુશ્કેલીનો સમય – (૪) ધાતુને સાંધો કરવાનું ઝારણ –

**સ. ૪. સુભાષિતોમાં આવેલા ત્રણ-ત્રણ શબ્દો લખો :**

(૧) 'ઓ'કારાન્ત શબ્દો (૨) 'ઈ'કારાન્ત શબ્દો (૩) અનુસ્વારવાળા શબ્દો (૪) જોડાક્ષરો

**સ. ૫. નીચેના શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો :**

(૧) બુદ્ધિ (૨) પસ્તાવો (૩) અચરજ (૪) સુવાસિત

(૫) મોતી (૬) પીપળો (૭) વિદ્યા (૮) સંતો

**સ. ૬. ઓળખો :**

(૧) વીંધતી વખતે ભાંગી જાય તે – (૨) વાપરતા વધે તે – (૩) જેમાં તેલ હોય તે – (૪) જેમાં સુગંધ હોય તે –

**સ. ૬. યોગ્ય વિકલ્પ પસંદ કરીને વાક્ય પૂર્ણ કરો :**

(૧) અગરબત્તી પોતે બળીને બીજાને સુગંધ આપે તેમ સંતો જાત ઘસીને _________________

(અ) પોતાને સુખી કરે (આ) બીજાને સુખી કરે (ઇ) ઈશ્વરને રાજી કરે

(૨) મોતી, મન અને ઘોડા દ્વારા કવિ કહે છે કે _________________

(અ) ઈલાજ કરવાથી તે સાંધી શકાય, ફરી કામ આવે (આ) સાંધી શકાતા નથી અને કોઈ કામના રહેતા નથી

(ઇ) તેને સાંધી શકાતા નથી. પણ કામમાં લઈ શકાય છે

(૩) પીંપળ પાન અને હસતી કુંપળિયાની તુલના _________________

(અ) વૃદ્ધ માનવી અને થનગનતા યુવાનો સાથે કરી છે (આ) મુરઝાયેલા પાંદડાં અને નવા પાંદડાં સાથે કરી છે

(ઇ) વૃદ્ધ માનવી અને નવજાત શિશુ સાથે કરી છે

સ. ૮. અધૂરા વાક્યો પૂરા કરો :

(૧) વિદ્યા વાપરવાથી ________________ (૨) અગરબત્તી બધું ________________

(૩) વિચારીને બોલવાથી ________________ (૪) ધનને વાપરવાથી ________________

સ. ૯. યોગ્ય રીતે જોડો :

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) મુજ વીતી તુજ વીતશે | (અ) તલમાં કેટલું તેલ |
| (૨) બોલેલું ખેંચાય ના | (આ) ધીરી બાપુડિયા |
| (૩) આપદ્કાળે જાણીએ | (ઇ) અન્યને સુખિયાં કરે |
| (૪) ઘસીને જાતને સંતો | (ઈ) કરતા કોટિ ઉપાય |

સ. ૧૦. **'વાપરતાં આ વિશ્વમાં......અચરજ કહેવાય' સુભાષિતને તમારા શબ્દોમાં સમજાવો.**

સ. ૧૧. જાતિ બદલો :

(૧) બા (૨) માસી (૩) શિક્ષિકા (૪) શેઠ (૫) પતિ (૬) લેખક

સ. ૧૨. વચન બદલો :

(૧) ઘોડો (૨) ખેલ (૩) તહેવાર (૪) પ્રાણી (૫) આંગળી (૬) પાંદડું

**સંભાષણ** ★ અહીં આપેલા સિવાયના અન્ય સુભાષિતો મેળવીને વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ તમને ગમતો કોઈપણ એક સુભાષિત ફુલસ્કેપ પેપરમાં લખીને નીચે તેનો વિચાર-વિસ્તાર કરીને વર્ગશિક્ષકને બતાવો.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### નિરંતર આશાવાદ

૧. ગમે તેવી દુ:ખદ પળો પણ વીતી જ જશે એવી શ્રદ્ધા રાખજો.

૨. વિશ્વમાં છેવટે પ્રેમનો જ વિજય થાય છે એ ભૂલશો નહીં.

૩. સાહસ, શ્રદ્ધા અને શ્રમને માટે અશક્ય કાંઈ જ નથી.

૪. ભગવાનનું બળ સર્વમહાન છે.

૫. સ્વાવલંબન મહાન શક્તિ છે.

૬. પ્રેમ-સ્મિત-પ્રાર્થનાનો ત્રિવેણી સંગમ આપણને તારી દેશે.

૭. 'ચિરંતન વિકાસ' એ આપણો મંત્ર હો.

– ડૉ. પ્રકાશ ગજ્જર

8UJ8KB

વિદ્યા વિનાનો મનુષ્ય પશુ સમાન છે.